ગાંધીનગર સમાચાર



રાજ્ય સરકાર દ્વારા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે કલા ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. ગાંધીનગર કક્ષાનો કલા ઉત્સવ કાર્યક્રમ બુધવારે ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય શૈક્ષણિક તાલીમ પરિષદ ભવનમાં યોજાયો હતો. આ ઉત્સવ અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધામાં શેઠ એસ એમ સાર્વજનિક હાઈસ્કૂલ એન્ડ શ્રી બી પી સેકન્ડરી હાઈસ્કૂલ, સરઢવની વિદ્યાર્થિની દક્ષા ચહેરાજી ઠાકોરે પ્રથમ વિજેતા પદ પ્રાપ્ત કર્યું હતું. 'મારાં સ્વપનમાં ગાંધીજી' વિષય પર અસરકારક વક્તવ્ય આપી સૌને મંત્રમુગ્ધ કરનાર દક્ષા ચહેરાજી ઠાકોર ધોરણ-૧૨માં અભ્યાસ કરે છે. ગામના સ્લમ વિસ્તારમાં રહેતા એક ગરીબ પરિવારની દીકરીએ સમગ્ર હાઈસ્કૂલનું ગૌરવ વધાર્યું છે. દક્ષા હવે આગામી સમયમાં જિલ્લાકક્ષાએ યોજાનાર કલાઉત્સવમાં ભાગ લેશે. સ્કૂલના આચાર્ય તરફથી સમગ્ર શાળા પરિવાર વતી દક્ષાને બિરદાવી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# ગાંધીનગરનાં બહેનોને વર્લ્ડ રેકર્ડ સર્ટિફિકેટ





ગાંધીનગર, તા.૧૪

તાજેતરમાં અમદાવાદ ખાતે વામા ક્લબ આયોજિત ગરબા કાર્યક્રમમાં ૧૩૦૦ જેટલાં બહેનોએ એકસાથે રમીને વર્લ્ડ રેકર્ડ બનાવ્યો હતો, જેમાં ગાંધીનગરનાં ૧૦૫ જેટલાં બહેનોએ પણ ભાગ લીધો હતો.

અરવિંદ કેન્દ્ર, ગાંધીનગર ખાતે ગાંધીનગરનાં બહેનોને વર્લ્ડ રેકર્ડનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. નગરસેવક હર્ષાભા ધાધલ અને ગોલ્ડન વિંગ લેડીઝ ક્લબના હોદ્દેદારો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. વામા ક્લબનાં અગ્રણી પ્રિયંકાબેનના હસ્તે તમામ બહેનોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન વૈશાલીબેન જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ડાયરેક્ટ સે

બુદ્ધિનું શાસન ચાલે છે ત્યાં સંબંધ હારે છે

અને મનનું શાસન ચાલે છે ત્યાં સંબંધ જીતે છે.

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## મધર ટેરેસા વર્લ્ડ સ્કૂલ દ્વારા શાનદાર વાર્ષિક કાર્યક્રમ યોજાયો

# શહીદોને અંજલી અર્પી એક શહીદના પરિવારને આર્થિક સહાય





વડસર સ્થિત મધર ટેરેસા વર્લ્ડ સ્કૂલ ના ૮મા વાર્ષિક કાર્યક્રમ શરદ ઉત્સવની શનિવારે ૧૨ ઓકટોબરના રોજ ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની થીમ 'પુલવામા હુમલાના શહીદો'ને સમર્પિત હતી. કાર્યક્રમની શરૂઆત સંસ્કૃત શ્લોકથી કરવામાં આવી અને ત્યારબાદ શાળાના ગીત ગાયક 'સિમ્ફની' દ્વારા બે સુંદર ગીતો રજૂ કરાયા હતા તે પછી વિદ્યાર્થીઓએ એક સૈનિકની જીંદગી પર પટકથા ભજવી હતી. સ્કિટ, સંગીત, નૃત્ય અને નાટકનું મિશ્રણ હતું. સ્કિટને અંતે સ્કુલ દ્વારા સન્માન રૂપે એક લાખ રૂપિયા રાજસ્થાનના ભરતપુર, સુંદરવાળી ગામના શહિદ જિતરમ ગુર્જરના પરિવારના સભ્યોને સન્માન માટે આપવામાં આવ્યા હતા. શહિદ થયેલાઓને 'એ મેરે વતન કે લોગ' ગીત સાથે યાદ કરવામાં આવ્યા હતા તથા બલિદાનોને યાદ કરવા માટે મીણબત્તીઓ પ્રગટાવવામાં આવી હતી. આભારવિધિ આચાર્ય રાજી ડેનિસ દ્વારા કરવામાં આવી હતી.

# જિલ્લાકક્ષાના દિવ્યાંગ ખેલ મહાકુંભમાં સાદરા હાઈસ્કૂલનો વિદ્યાર્થી ઝળહળ્યો



જિલ્લાકક્ષાના દિવ્યાંગ ખેલ મહાકુંભમાં ભાગ લઈ શ્રી બી જે શાહ હાઈસ્કૂલ, સાદરાના વિદ્યાર્થી યોગેશજી કરશનજી સોલંકી ચક્ર ફેંકમાં પ્રથમ, બરછી ફેંકમાં દ્વિતીય અને ગોળાફેંકમાં તૃતિય ક્રમે વિજેતા બન્યા હતા. શાળા પરિવાર વતી આચાર્ય એન એ જોષી અને વર્ગશિક્ષક જે એન પરમારે વિજેતા વિદ્યાર્થીને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે. ઉલ્લેખનીય છે કે નવજીવન સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગરના ઉપક્રમે વિશિષ્ટ શિક્ષક હિતેન બી પટેલનું માર્ગદર્શન વિદ્યાર્થીને મળી રહ્યું છે.

# શિક્ષક સહાય યોજના અંતર્ગત સન્માન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા તાજેતરમાં જિલ્લા શિક્ષક ભવન ખાતે સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રીમતી કિર્તીબેન પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય આઈ.વી. પટેલ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્ચનાબેન પ્રજાપતિ તથા નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી હેમાંગભાઈ ભટ્ટ તથા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પૂર્વ મહામંત્રી બળદેવભાઈ ચૌધરી, પૂર્વ મંત્રી રમણભાઈ પટેલ તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જીતેન્દ્રભાઈ મોદી તથા પૂર્વ મહામંત્રીઓ અનિલભાઈ કડીકર, સુભાષભાઈ ગોસ્વામી તથા પૂર્વ સિ. ઉપપ્રમુખ જીવણભાઈ રાયકા, બી.આર.સી.ઓ પંકજભાઈ પટેલ તથા રાજુભાઈ મોદી તથા તમામ જિલ્લા/તાલુકાના હોદ્દેદારો, કારોબારી સભ્યો અને સન્માનિત શિક્ષકો, સંતાનો વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવેલ ત્યારબાદ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મીઠાભાઈ પટેલ દ્વારા તમામને આવકારવામાં આવેલ અને શિક્ષક સહાય યોજના અંગેનો ચિતાર પ્રમુખ દ્વારા રજુ કરવામાં આવેલ તથા સંગઠન દ્વારા કરવામાં આવતી તમામ પ્રવૃત્તિઓથી તમામ મહેમાનોને વાકેફ કરવામાં આવેલ અને ત્યારબાદ તમામ મહેમાનોનુ ફૂલછડી, બુક, શાલ તથા મોમેન્ટ આપી સન્માન કરવામાં આવેલ. સન્માન બાદ શિક્ષક સહાય અંતર્ગત અસાધ્ય બિમારીમાંથી કેન્સરની બિમારીવાળા બે શિક્ષકોને રૂ. ૫ હજારના ચેકો ચેરમેનના વરદહસ્તે એનાયત કરવામાં આવેલ. ત્યારબાદ ચાલુ સર્વિસ દરમ્યાન મૃત્યુ પામેલ બે શિક્ષકોના વારસદારને રૂ. ૧૦ હજારના ચેકો કિર્તીબેન પટેલ, ચેરમેન જિ.પં. ગાંધીનગર અને આઈ.વી. પટેલ, પ્રાચાર્ય, જિ.શિ. અને તાલીમ ભવન તથા અર્ચનાબેન પ્રજાપતિ-જિલ્લા પ્રાથમિક શિક્ષધિકારીના હસ્તે એનાયત કરવામાં આવેલ. ત્યારબાદ ધો. ૧૦માં સામાન્યપ્રવાહ અને સી.બી.એસ.ઈ. તથા ધોરણ ૧૨માં સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને સી.બી.એસ.ઈ.માં શિક્ષકોના તેજસ્વી સંતાનોને એકથી ત્રણ નંબરોને અનુક્રમે ૨૫ ગ્રામ, ૨૦ ગ્રામ અને ૧૫ ગ્રામ ચાંદીની મુદ્રાથી ૧૫ વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરવામાં આવેલ. તથા બાકીના ૯૯ વિદ્યાર્થીઓને ફોલ્ડર ફાઈલ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ તથા જિલ્લા/તાલુકાકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષકોનો એવોર્ડ મેળવનાર ૪ શિક્ષકોને શાલ, પુસ્તક અને મોમેન્ટથી સન્માનિત કરવામાં આવેલ. તે જ રીતે ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનમાં રાજ્યકક્ષાએ ભાગ લેનાર ૫ શાળાઓને મોમેન્ટ, માર્ગદર્શન શિક્ષકને શાલ અને બાળ વૈજ્ઞાનિકોને પેડ આપી સન્માનિત કરવામાં આવેલ તથા દહેગામ તાલુકાના મહેન્દ્રભાઈ પ્રભુદાસ પટેલ-રા.કા. સભ્ય દ્વારા તમામ બાળકોને પેડ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ તેથી તેમનુ પણ જિલ્લા સંઘ દ્વારા શાલ, પુસ્તક અને મોમેન્ટ આપી સન્માન કરવામાં આવ્યું.

અંતમાં જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવતી તમામ રચનાત્મક પ્રવૃત્તિઓને તમામ મહાનુભાવો દ્વારા બિરદાવવામાં આવી. કાર્યક્રમના અંતમાં આભારવિધિ શિક્ષક જ્યોત સંપાદક સદસ્ય જશવંતસિંહ ભાટી દ્વારા કરવામાં આવેલ અને કાર્યક્રમનું સફળ સંચાલન મહામંત્રી જગદીશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# રાજ્યની ખાનગી શાળાઓમાં પ્રથમ કસોટીનો આરંભ કરાયો

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યમાં આવેલી ખાનગી શાળાઓમાં પ્રથમ કસોટીનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તૈયાર કરાયેલા એકેડેમિક કેલેન્ડર પ્રમાણે પણ ધો.૯થી ૧૨ની પ્રથમ કસોટીનો પ્રારંભ ૧૪ ઓક્ટોબરથી કરવાનો થતો હતો. જેથી ખાનગી પ્રાથમિક શાળાઓએ પણ બોર્ડ સાથે જ પ્રથમ કસોટી લેવાનું આયોજન કર્યુ છે. ગતવર્ષે નવરાત્રિ વેકેશનના પગલે પ્રથમ કસોટીનો પ્રારંભ ૧૯ ઓક્ટોબરથી કરવામાં આવ્યો હતો. જોકે, આ વખતે નવરાત્રિ વેકેશન રદ કરાતાં ૧૪ ઓક્ટોબરથી જ પ્રથમ કસોટી શરૂ કરાઈ છે. આ પરીક્ષા ૨૧ ઓક્ટોબર સુધી ચાલશે. પરીક્ષા પૂર્ણ થયા બાદ દિવાળી વેકેશન પછી પરિણામ જાહેર કરાય તેવી શક્યતા છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૧ ઓક્ટોબરથી પ્રથમ કસોટી શરૂ કરી દેવામાં આવી છે. એક સપ્તાહમાં પ્રથમ કસોટી પૂર્ણ થયા બાદ દિવાળી વેકેશનનો માહોલ જામશે. શાળાઓ દ્વારા ૨૧ના રોજ અંતિમ પેપર લેવામાં આવ્યા બાદ ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરી દેવાશે. જોકે, દિવાળી વેકેશન પહેલા પરિણામ જાહેર કરવું શક્ય નહીં બને. જેથી વેકેશન બાદ શાળાઓ દ્વારા પરિણામ જાહેર કરવામાં આવશે. ૨૧ ઓક્ટોબરના રોજ પરીક્ષા પૂર્ણ થયા બાદ ૨૪ ઓક્ટોબરથી રાજ્યની શાળાઓમાં દિવાળી વેકેશનનો પ્રારંભ થશે. ૨૧ દિવસનું દિવાળી વેકેશન ૧૩ નવેમ્બર સુધી ચાલશે. ત્યારબાદ ૧૪ નવેમ્બરથી દ્વિતીય સત્રનો પ્રારંભ થશે. દ્વિતીય સત્ર ૩ મે સુધી ચાલશે અને તેમાં અભ્યાસના ૧૩૭ દિવસો નક્કી કરવામાં આવ્યા છે ત્યાર બાદ ૪ મેથી ઉનાળુ વેકેશનનો પ્રારંભ થશે.

## ૧૬મીએ અમદાવાદમાં

# રાજેશ વ્યાસ 'મિસ્કીન' પોતાનાં જીવન-કવન અંગે વક્તવ્ય આપશે



ગાંધીનગર, તા. ૧૪

કવિ યજ્ઞેશ વ્યાસ અને કવિશ્રી ઈંગિત મોદીના સહયોગથી ઓમ કૉમ્યુનિકેશન દ્વારા તારીખ૧૬ ઑક્ટોબર ૨૦૧૯, બુધવારના રોજ સાંજે ૫-૩૦ કલાકે મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ(આત્મા હૉલ), સિટી ગોલ્ડ સિનેમાની સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન'ના ૬૫મા 'શબ્દજયોતિ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ડૉ. રાજેશ વ્યાસ 'મિસ્કીન' પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપશે. કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક'શ્વેત'કરશે. આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

## યુરલ ફેડરલ યુનિવર્સીટી (રશિયા)ના પ્રતિનિધિઓએ

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયની મુલાકાત લીધી

રશિયા ખાતે સ્થિત યુરલ ફેડરલ યુનિવર્સીટીના પ્રતિનિધિઓએ ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય તથા ચારુતર વિદ્યામંડળ ની મુલાકાત લીધી હતી. જેમાં યુરલ ફેડરલ યુનિવર્સીટીના પ્રતિનિધિઓ પ્રો. આન્દ્રે સોઝીકીન (ડેપ્યુટીવાઈસ રેક્ટર, એકેડેમિક્સ, યુરલ ફેડરલ યુનિવર્સીટી), યાના વ્યોસો-સ્ત્સક્યા (ડિરેક્ટર,ઈન્ટરનેશનલ એજ્યુકેશન પ્રોગ્રામ,યુરલ ફેડરલ યુનિવર્સીટી) તથા વિમલહર્ષ મારુવદ (મેનેજર,ઈન્ટરનેશનલ એજ્યુકેશન પ્રોગ્રામ,યુરલ ફેડરલ યુનિવર્સીટી), ચારુતર વિદ્યા મંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ મનીષભાઈ પટેલ, કુલપતિ ડૉ ભાવેશ પટેલ, પ્રિન્સિપાલ આર. સી. તલાટી, માનદ મંત્રી ડૉ એસ. જી. પટેલ, ડૉ ઈંદ્રજિત એન પટેલ (પ્રિન્સિપાલ ,બીવીએમ), ડૉ જે. એમ. રાઠોડ, ડૉ. કૌશિકા પટેલ (એસોસીસેટ ડીન,ઈન્ટરનેશનલ કોલબ્રેશન,બીવીએમ ) ઉપસ્થિત રહ્યા હતા. એન્જીનીયર ભીખુભાઈ પટેલે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ચારુતર વિદ્યામંડળ હંમેશા અગ્રેસર રહ્યું છે તથા આ પ્રકારના સ્ટુડન્ટ સેન્ટ્રિક પ્રોગ્રામ એ વર્તમાન સમયની પાયાની જરૂરિયાત છે.

આ ઉપરાંત સીવીએમ યુનિવર્સીટીને ધ્યાનમાં લઈને અલગ-અલગ આંતરરાષ્ટ્રીય



કોર્સની વિશેષ ચર્ચા થઈ જેના દ્વારા વિદ્યાર્થીઓને વૈશ્વિક રિસર્ચ માટે પ્લેટફોર્મ મળી રહે. યુરલ ફેડરલ યુનિવર્સીટીના પ્રતિનિધિઓએ ચારુતર વિદ્યામંડળના વિઝન તથા કાર્યપ્રણાલીની પ્રસંશા કરી હતી તથા સીવીએમ અને યુરલ ફેડરલ યુનિવર્સીટી વચ્ચે એક માત્ર વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ તથા તેના દ્વારા સોસાયટલ અપલીફ્ટમેન્ટ એ સામ્યતા છે તેમ જણાવ્યું હતું.

યુરલ ફેડરલ યુનિવર્સીટી ના પ્રતિનિધિઓએ એલિકોન લિમિટેડ, ભાનુભાઈ મેમોરિયલ સેન્ટર ,અમુલ ડેરી ,અમુલ ચોકલેટ પ્લાન્ટ, સિસ્ટમ લેવલ સોલ્યુશન ,નેસ્કોની મુલાકાત લીધી હતી. બીવીએમ એન્જીનીયરીંગ કોલેજની મુલાકાત દરમ્યાન દરેક વિભાગીય વડાઓ સાથે એકેડેમિક ઈન્ટરેક્શન કર્યું હતું તથા વિદ્યાર્થીઓ સાથે ચર્ચા દરમ્યાન ઈન્ટરનેશનલ એક્સપિરિયન્સ પ્રોગ્રામ ,૧+૧ ડિગ્રી પ્રોગ્રામ,જોઈન્ટ રિસર્ચ એન્ડ પબ્લિકેશન ,ફેકલ્ટી એક્સચેન્જ પ્રોગ્રામ, સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ,કોન્ફરન્સ તથા અન્ય ટ્રેનિંગ પ્રોગ્રામ વિષે માહતી આપી હતી.આ ઉપરાંત તેઓ એ કોમ્પ્યુટર એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા સીએસઆઈ અંતર્ગત પ્રોજેક્ટ એક્સ્પો અને ઈલેક્ટ્રોનિક્સ એન્જીનીયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા આઈ.ઈ.આઈ અંતર્ગત રોબોટિક્સ વર્કશોપ ની મુલાકત લીધી હતી તથા પોતાના ઈનપુટ્સ આપ્યા હતા.એસ.એસ.આઈ.પી. સેન્ટરની મુલાકત દરમ્યાન રશિયન ડેલિગેશને ઈસી એન્જીનીયરીંગના અધ્યાપકો સાથે વિશેષ ચર્ચા કરી હતી જેમાં વતર્માન રિસર્ચ ડોમેન વિષે જણાવ્યું હતું.આ ઉપરાંત બીવીએમ ખાતે અલગ અલગ સેન્ટર ઓફ એક્સેલેન્સ,સ્ટેટ ઓફ આર્ટ લેન્ગવેજ લેબ ની પણ મુલાકાત લીધી હતી જેમાં આગામી સમય માં રશિયન લેન્ગવેજ ના મોડ્યુલ્સ મુકવા માટે પ્રસ્તાવ રજુ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે રશિયા સ્થિત યુરલ ફેડરલ યુનિવર્સીટીની સ્થાપના વર્ષ ૧૯૨૦માં થઈ હતી.થિન્ક એક્ટ એન્ડ એચિવના વિઝન સાથે કરતી યુરલ ફેડરલ યુનિવર્સીટી ખાતે ૩૫૦૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ લે છે તથા પુરા વિશ્વમાં તેના ૩,૬૦,૦૦૦થી વધુ એલ્મની મેમ્બર્સ કાર્યરત છે. ૪૦૦થી વધારે એજ્યુકેશનલ પ્રોગ્રામનું સફળ સંચાલન કરતી આ યુનિવર્સીટીમાં ૯૩ વધારે વિદેશ ની યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ ગ્લોબલ એજ્યુકેશન એન્ડ એક્સેલન્સ પ્લેટફોર્મનો લાભ લે છે.